# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય કમ્પાઉન્ડ,
નરોડા પાટીયા, અમદાવાદ.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતી(ફીક્સ પગાર) ની જગ્યાઓ અન્વયે પસંદગી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તારીખ.૦૧/૦૭/૨૦૧૮ થી તારીખ.૩૧/૦૭/૨૦૧૮ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી(Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

અરજી કરવાની વિગતવાર સુચનાઓ/જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત,ઉંમર,જાતિ,તેમજ અન્ય લાયકાતનાં બધાજ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની https://gsrtc.in વેબસાઈટ પર મુકવામાં આવશે. તેથી સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. તેમજ કેટલીક સૂચનાઓ વર્તમાનપત્રોમાં તથા **મોબાઈલ નંબર પર એસ.એમ.એસ.** થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

**કક્ષાનું નામ** - **કલાર્ક**

**ફીકસ પગાર** – પાંચ વર્ષ માટે રૂ. ૧૦૦૦૦/-

**કુલ જગ્યાઓ** – ૯૩

| | કુલ જગ્યા | બિનઅનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી. સૈનિક | શા. ખો. ખાં. |
| અગાઉની ઘટ | ૯૩ | ૩૨ | ૧૨ | ૪ | ૧૩ | - | ૧ | ૧૫ | ૧૬ | - | ૩ |

શરત :૧ "વર્ષ ૨૦૧૫-૧૬માં ઉપર દર્શાવેલ વહીવટી સાઈડની વિવિધ કક્ષાઓમાં ભરતી કરવામાં આવેલ હતી જે અન્વયે ઉમેદવાર ન મળતા ખાલી રહેવા પામેલ જગ્યાઓ માટે ભરતી કરવા આ જાહેરાત (બીજો પ્રયત્ન) આપવામાં આવે છે આ જાહેરાત આપ્યા બાદ અગાઉ અપાયેલ નિમણુક અન્વયેની જગ્યાઓ વિવિધ કારણોસર ખાલી થવા પામે તેટલી જગ્યાઓની સંખ્યા પસંદગી યાદી આખરી કરવામાં આવે તે પહેલા આ જાહેરાતમાં ઉમેરો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે."

શરત:૨ "નિગમમાં વહીવટી સાઈડની ૧૩ કક્ષાઓમાં ભરતી કરવા અપાયેલ જાહેરાત ક્રમાંક: GSRTC/201516/1,GSRTC/201516/2,GSRTC/201516/3,GSRTC/201516/4,GSRTC/201516/5,GSRTC/201516/6,GSRTC/201516/7,GSRTC/201516/8,GSRTC/201516/9,GSRTC/201516/10,GSRTC/201516/13,GSRTC/201516/14 તથા GSRTC/201516/15 અન્વયે કરવામાં આવેલ ભરતી અન્વયેની અમુક કક્ષાઓમાં નામ. હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નંબર 16694/2017,17175/2017,17287/2017, 17610/2017, 17639/2017,

17739/2017,17741/2017,17742/2017,17743/2017,18632/2017,18910/2017,19290/2017,19291/2017,19292/2017 તથા 19776/2017 વિગેરે દાખલ થવા પામેલ છે,તેમજ આ ભરતી પ્રસંગે અમુક કક્ષામાં પુરેપુરી જગ્યાઓ ભરાયેલ ન હોઈ,ખાલી રહેલ જગ્યાઓમાં ભરતી કરવા આ જાહેરાત(બીજો પ્રયત્ન) આપવામાં આવે છે,સદર પડતર પીટીશનોનાં ચુકાદા અન્વયે આ જાહેરાતમાં અપાયેલ જગ્યાઓમાં વધ/ઘટ કે આ જાહેરાત રદ થવા અથવા નામ.હાઈકોર્ટ ધ્વારા જે મુજબનો હુકમ કરવામાં આવે તે મુજબનો અમલ કરવાનો થશે જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે."

શરત:૩ "નિગમની જોગવાઈ મુજબ જે તે ભરતી પ્રક્રિયા વખતે બનેલ પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તે જ કક્ષાની અન્ય ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને તે અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખ થી અગાઉની પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી રદ થવા પામતી હોય છે, પરંતુ આ ભરતી પ્રક્રિયા વખતે દાખલ થયેલ પીટીશનો સંદર્ભે નામ. હાઈકોર્ટના આદેશ અન્વયે તેવી જગ્યાઓ ખાલી રખાયેલ છે. જેથી જો આ પીટીશનો અન્વયેના ચુકાદા ઉમેદવારોની તરફેણમાં આવે તો નામ. હાઈકોર્ટના હુકમ અન્વયે પ્રથમ ભરતી પ્રક્રિયા વખતે બનાવાયેલ પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી રદ્દ કરી નવેસરથી પસંદગીયાદી/ પ્રતિક્ષાયાદી બનાવવાની થશે જે પ્રથમ પ્રયત્ને પસંદગીયાદી/પ્રતિક્ષાયાદીમાં સ્થાન પામનાર અને આ બીજા પ્રયત્ને(આ જાહેરાત) થનાર ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવનાર તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે."

## A. મુખ્ય સુચનાઓ :

1) ઉપરોક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
2) જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર પદ્ધતિ બાબતેની નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.
3) જો ઉમેદવારે આ કક્ષામાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતીમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.
4) કોઇ પણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હોય અને અલગ-અલગ અરજીપત્રકમાં પોતાના નામ / પિતા/પતિના નામ અને અટકમાં સ્પેલીંગમાં ભુલ કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ-અલગ રીતે રાખેલ હશે તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક થી વધુ કોલલેટર મળવા પામશે તેવા સંજોગોમાં લેખીત પરીક્ષા સમયે રુબરુ આઇ.ડી. પ્રુફ રજુ કર્યેથી આઇ.ડી. પ્રુફની વિગતો મુજબ સાચી માહિતીવાળા કોલલેટર સામે પરીક્ષા આપવા પાત્ર થશે.

આઇ.ડી.પ્રુફ મુજબ અરજીપત્રકની વિગતોમાં ક્ષતિ / ભુલ હશે તો પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ.

5) ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભર્યા બાદ તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી. જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

6) આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારોને નિગમના કોઇ પણ વિભાગ/ડેપો ખાતે મેરીટ મુજબ સ્થળ પસંદગીના વિકલ્પથી નિમણૂંક આપવામાં આવશે અને તેઓ જે તે નિમણૂંકના વિભાગની પસંદગી યાદીના ગણાશે.તેઓએ નિમણૂંકના વિભાગ ખાતે ઓછામાં ઓછી પ (પાંચ) વર્ષ ફરજ બજાવવાની રહેશે, આ સમયગાળા દરમિયાન આંતર વિભાગીય બદલીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં તથા વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે. નિમણૂંક સમયે આ સિવાય પોતાના વતનના અથવા અન્ય જીલ્લાના વિભાગમાં નિમણૂંક મેળવવા હક્કદાવો કરી શકશે નહી.

7) નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા નોકરીનાં બે વર્ષ પૂર્ણ થયેથી કરવાની રહેશે અને જો કામગીરી સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

૮) આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ નિયમો અને જોગવાઇઓ પરિપુર્ણ કરતા હશે તો અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.

## B. કક્ષાને લગતી વિગત :

| | | |
|---|---|---|
| ૧ | વયમર્યાદા | ૧૮ થી ૩૩ વર્ષ |
| ૨ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | • એચ.એસ.સી. (ધોરણ – ૧૦ + ૨ પધ્ધતિ પ્રમાણે ધોરણ -૧૨ પાસ) |
| 3 | અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત | • કોઇપણ માન્ય યુનિવર્સિટીની સ્નાતક (૧૦+૨+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ) અથવા<br>અનુસ્નાતકની ડિગ્રી (૧૦+૨+૩ કે તેથી વધુ+૨ વર્ષનો કોર્ષ) |

1. **સીધી ભરતીની પ્રકીયા માટે નિયત કરેલ વેઇટેજ ગુણ** : **૧૦૦ ગુણ**

| અ.નં. | વિગત | | ગુણ |
|---|---|---|---|
| 1) | શૈક્ષણિક લાયકાત માટેના વેઇટેજ ગુણ | | ૭૦ ગુણ |
| | 1) લઘુત્તમ શૈક્ષણિક લાયકાત માટે વેઈટેજ<br>• એચ.એસ.સી. (ધોરણ – ૧૦ + ૨ પધ્ધતિ પ્રમાણે ધોરણ -૧૨ પાસ)માં મેળવેલ ટકાવારીના પ્રમાણસર | ૫૦ ગુણ | |
| | 2) અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે વેઈટેજ<br>• કોઇપણ માન્ય યુનિવર્સિટીની સ્નાતક (૧૦+૨+૩ કે તેથી વધુ વર્ષનો કોર્ષ) અથવા અનુસ્નાતકની ડિગ્રી(૧૦+૨+૩ કે તેથી વધુ+૨ વર્ષનો કોર્ષ) માં મેળવેલ ટકાવારીના પ્રમાણસર | ૨૦ ગુણ | |
| 1) | **O.M.R** પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી & કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા માટેના વેઇટેજ ગુણ | | ૩૦ ગુણ |

નોંધ : ઉપર સુચવ્યા મુજબની જ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે.

2) ઉમેદવાર જો અગ્રતા માટેની વધારાની લાયકાત ધરાવતા હોય તો અગ્રતા માટેની વધારાની લાયકાતની વિગતો અરજીપત્રકમાં અલગ દર્શાવવાની રહેશે,જેમાં પાછળથી ફેરફારને કોઇ અવકાશ રહેશે નહી..
3) ૧૦૦ ગુણની O.M.R પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ ૫૦ ગુણની કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા લેવામાં આવશે જેને ૩૦ વેઈટેજ ગુણમાં ફેરવવામાં આવશે.
4) લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાતના ૭૦ વેઈટેજ ગુણ રહેશે.
5) O.M.R પધ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત / વધારાની શૈક્ષણિક લાયકાતના કુલ - ૭૦ વેઇટેજ ગુણના મેરીટ ગુણ મુજબ ૧ જગ્યા સામે ૧૫ ઉમેદવારોના પ્રમાણમાં ઉમેદવારોને બોલાવવામાં આવશે.
6) લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને જ કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા માટે બોલાવવામાં આવશે.
7) લેખિત પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત / અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતના કુલ - ૭૦ વેઇટેજ ગુણ તથા O.M.R પધ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી અને કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની કસોટીમાં મેળવેલ કુલ ગુણના ૩૦ પ્રમાણે વેઇટેજના મેરીટગુણ ધ્યાને લઈ બન્ને ગુણોનો સરવાળો કરી અનામત / બિનઅનામત ધ્યાને લઈ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે ત્યાર બાદ યાદી મર્જ કરી મેરીટ મુજબ ૧.૫ (દોઢા) જગ્યા સામે ૫ ઉમેદવારો અથવા જરૂરીયાત મુજબ બોલાવવા પાત્ર થતા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે અને તેમાંથી પ્રોવિઝનલ/ આખરી પસંદગીયાદી/ પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે.
8) પ્રોવિઝનલ પસંદગીયાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોને વય, જાતિ, શૈક્ષણિક લાયકાતો અને અન્ય જરૂરી અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે ત્યારે અસલ પ્રમાણપત્રોની વિગતો કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલી વિગતો જુદી કે ખોટી જણાશે તો તેવા ઉમેદવારને પસંદગીને લાયક ગણવામાં આવશે નહી અને તેની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

## C. પરીક્ષા પદ્ધતિ :-

કલાર્ક કક્ષામાં ઉમેદવારોએ ભરેલ ઓનલાઈન અરજી પત્રકોની વિગતો તેમજ શૈક્ષણિક લાયકાતના આધારે નિગમના નીતિ-નિયમો મુજબ લેખિત પરીક્ષા માટેની મેરીટયાદીમાં સમાવેશ કરવામાં આવશે.સદર જાહેરાત માટે નિગમ દ્વારા મંજુર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પ્રથમ તબક્કામાં (૧) O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી અને (૨) બીજા તબક્કામાં કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા,એમ બે કસોટીઓ લેવામાં આવશે,જેની વિગતો નીચે મુજબની રહેશે.

### a) O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની લેખિત કસોટી –ભાગ-૧)

1. **O.M.R પદ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીનો ગુણભાર નીચે મુજબ છે.**

**૧૦૦ ગુણ**

**સમય:-૨:૦૦ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન / ગુજરાતનો ઇતિહાસ / ભુગોળ / ગુજરાત અને ભારતના વર્તમાન બનાવો (ધોરણ-૧૨ કક્ષાનું) | ૪૦ ગુણ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) | ૧૦ ગુણ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) | ૧૦ ગુણ |
| ૪ | કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ અને ટેસ્ટ ઓફ રીઝનીંગ(ધોરણ-૧૦ કક્ષાનું) | ૨૦ ગુણ |

| | | |
|---|---|---|
| ૫ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના પ્રશ્નો | ૨૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

2. ઓનલાઈન અરજીની વિગતોને આધારે મેરીટ ક્રમ મુજબ O.M.R પદ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી માટે પાત્ર ગણી નિયત કરેલ ઉમેદવારોને બોલાવવામાં આવશે.
3. જાહેરાતમાં જણાવ્યા મુજબના સીલેબસ પ્રમાણે ૧૦૦ ગુણની O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવામાં આવશે (દરેક પ્રશ્નનો ૦૧(એક) ગુણ) અને તેનો સમય ૨:૦૦ કલાકનો રહેશે.આ કસોટીમાં ઉત્તિર્ણ થવા માટે લધુત્તમ ૪૦ ગુણ મેળવવાના રહેશે.
4. ૪૦ થી ઓછા ગુણ મેળવેલ ઉમેદવાર નાપાસ ગણવામાં આવશે.
5. આ પરીક્ષાનો અભ્યાસક્રમ આ જાહેરાતની કોલમ C - a)ની પેટા કોલમ ૧ મુજબનો રહેશે.તથા પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી (અંગ્રેજી વ્યાકરણ સિવાય) રહેશે.
6. **O.M.R પદ્ધતિથી લેવામાં આવનાર ઉત્તરવહીના મુલ્યાંકન માટે સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક કરેલ તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પ દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબનાં ગુણનુ મુલ્યાંકન માઈનસ પદ્ધતિથી કરવામાં આવશે.પ્રત્યેક ખોટા જવાબ,ખાલી છોડેલ જવાબ,છેકછાક કરેલ,એક કરતા વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબદીઠ ૦.૨૫ ગુણ માઈનસ કાપવામાં આવશે,પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને O.M.R ઉત્તરપત્રમાં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના માઈનસ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહી.**
7. દરેક ઉમેદવારે પોતાની ઓળખ માટે માન્ય ફોટો આઈ.ડી.પ્રુફ જેવા કે(ઈલેકશન કાર્ડ,ડ્રાયવીંગ લાયસન્સ,પાનકાર્ડ,આધારકાર્ડ,આઈ.ડી.કાર્ડ વગેરે પૈકી કોઈ એક) સાથે લઈને કોલલેટરમાં દર્શાવેલ રીપોર્ટીગ સ્થળે/તારીખે/સમયે અચુક હાજર થવાનું રહેશે અને રજીસ્ટ્રેશન અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
8. જો કોઈ મહિલા ઉમેદવારે અરજી પત્રકમાં પિતાના નામની જગ્યાએ પતિનું નામ દર્શાવેલ હશે તો લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર / સોગંધનામું(નોટરી કરાવી) / ગેઝેટ સાથે લાવવાનું રહેશે અને તે પુરાવો પરીક્ષકને રજુ કરવાનું રહેશે.
9. અસલ કોલલેટર ઉમેદવારે પરીક્ષાના સ્થળે સાથે લાવવાનો રહેશે અને પરીક્ષકને રજુ કરવાનો રહેશે.
10. O.M.R. ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક માટે **કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ ચિહ્ન કે જેનાથી ઓળખ** પ્રસ્થાપિત થાય તો તેવા પ્રયાસ કરનાર ઉમેદવારને આ પરીક્ષા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.
11. ઉમેદવારોએ પરીક્ષાખંડમાં /હોલમાં કોલલેટર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન, સેલફોન કે કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક સાધનો લઈ જવાના કે ઉપયોગ કરવાની મનાઈ છે, તેમ છતા કોઈ ઉમેદવાર આવી વસ્તુ સાથે રાખશે / ઉપયોગ કરતા માલુમ પડશે તો તેવા ઉમેદવારને આ પરીક્ષા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.
12. ઉમેદવારે પરીક્ષાની ઉત્તરવહીમાં જવાબ માર્ક કરવા **કાળી અથવા ભુરી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.**

**b) કોમ્પ્યુટર કાર્યક્ષમતા કસોટી (બીજા તબક્કાની પરીક્ષા – ભાગ-૨) :-**

1) કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની કસોટીનો ગુણભાર નીચે મુજબ છે.

**૫૦ ગુણ**

**સમય:-૫૦ મિનિટ**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઇપીંગની કસોટી | ૧૦ ગુણ |
| ૨ | અંગ્રેજી ટાઇપીંગની કસોટી | ૧૦ ગુણ |
| ૩ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી | ૩૦ ગુણ |
| | કુલ | ૫૦ ગુણ |

2) **O.M.R પદ્ધતિથી લેવામાં આવનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ૪૦ કે ૪૦ થી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોને જ કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા માટે બોલાવવામાં આવશે.**
3) **૫૦ ગુણની કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા લેવામાં આવશે અને તેનો સમય ૫૦ મિનિટનો રહેશે, કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષામાં ઉત્તિર્ણ થવા માટે લઘુત્તમ ૨૦ ગુણ મેળવવાના રહેશે.**
4) **૨૦ થી ઓછા ગુણ મેળવેલ ઉમેદવાર નાપાસ ગણવામાં આવશે.**
5) **આ પરીક્ષા ઓનસ્ક્રીન લેવામાં આવશે.**
6) **આ કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની કસોટી માઈક્રોસોફ્ટ ઓફીસ ૨૦૦૭ તથા ગુજરાતી ટાઈપીંગ ગુજરાતી ઈન્ડીકમાં લેવામાં આવશે.**
7) દરેક ઉમેદવારે પોતાની ઓળખ માટે માન્ય ફોટો આઈ.ડી.પ્રુફ જેવા કે(ઈલેકશન કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધારકાર્ડ, આઈ.ડી.કાર્ડ વગેરે પૈકી કોઈ એક) સાથે લઈને કોલલેટરમાં દર્શાવેલ રીપોર્ટીગ સ્થળે/તારીખે/સમયે અચુક હાજર થવાનું રહેશે અને રજીસ્ટ્રેશન અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
8) જો કોઈ મહિલા ઉમેદવારે અરજી પત્રકમાં પિતાના નામની જગ્યાએ પતિનું નામ દર્શાવેલ હશે તો લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર / સોગંધનામું(નોટરી કરાવી) / ગેઝેટ સાથે લાવવાનું રહેશે અને તે પુરાવો પરીક્ષકને રજુ કરવાનું રહેશે.
9) અસલ કોલલેટર ઉમેદવારે પરીક્ષાના સ્થળે સાથે લાવવાનો રહેશે અને પરીક્ષકને રજુ કરવાનો રહેશે.
10) ઉમેદવારોએ પરીક્ષાખંડમાં /હોલમાં કોલલેટર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત,છાપેલા પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન, સેલફોન કે કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક સાધનો લઈ જવાના કે ઉપયોગ કરવાની મનાઈ છે, તેમ છતા કોઈ ઉમેદવાર આવી વસ્તુ સાથે રાખશે અથવા ઉપયોગ કરતા માલુમ પડશે તો તેવા ઉમેદવારને આ પરીક્ષા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.

c) **કોલમ "a" માં દર્શાવેલ O.M.R પદ્ધતિથી લેવામાં આવનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી અને કોલમ"b"માં દર્શાવેલ કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા એમ બંને પરીક્ષાઓમાં મેળવેલ કુલ ગુણના ૩૦ પ્રમાણે વેઇટેજ ગુણ ગણવામાં આવશે.**

## D. પગાર ધોરણ:

પસંદગી પામનાર ઉમેદવારોને કલાર્ક કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ.૧૦૦૦૦/- ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક અપાશે. તેઓને નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા કે લાભો સિવાયના કોઇપણ

ભથ્થા કે લાભ મળવાપાત્ર રહેશે નહી. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે-૧૯૦૦)ના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે.

## E. વય મર્યાદા:

1. ઓછા માં ઓછી ૧૮ વર્ષ તથા વધુમાં વધુ તમામ પ્રકારની છુટછાટ સહીત નીચે જણાવ્યા મુજબ રહેશે.

| અ.નં | વર્ગ | પુરૂષ (વધુ માં વધુ ઉંમર) | મહિલા (વધુ માં વધુ ઉંમર) |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૩૩ વર્ષ | ૩૮ વર્ષ |
| ૨. | અનામત | ૩૮ વર્ષ | ૪૩ વર્ષ |
| ૩. | માજી સૈનિક | ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |
| ૪. | શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર | બિન અનામત ૪૩ વર્ષ<br>અનામત ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |

2. તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) માટે અરજી કરવાની છેલ્લી તારીખ (૩૧/૦૭/૨૦૧૮) ધ્યાનમાં લેવામાં આવશે.
3. સામાન્ય મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4. અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
6. સામાન્ય વર્ગના શારિરીક ખોડખાંપણ ધરાવતા પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
7. સામાન્ય વર્ગના શારિરીક ખોડખાંપણ ધરાવતા મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
8. અનામત વર્ગના શારિરીક ખોડખાંપણ ધરાવતા પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
9. અનામત વર્ગના શારિરીક ખોડખાંપણ ધરાવતા મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૨૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
10. માજી સૈનિક ઉમેદવારોને આ જાહેરાતનાં **મુદ્દા નંબર-J-3** મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.
11. તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## F. નાગરિકત્વ:-

ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨

પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- **જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

## G. જન્મ તારીખ:-

1. નિગમમાં જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે,પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે, આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ શાળા છોડ્યાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ------ છે, જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે, ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય નિગમ દ્વારા લેવામાં આવશે.
2. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.) માં દર્શાવેલ જન્મતારીખ મુજબ ઉંમરની ગણતરી ધ્યાને લેવામાં આવશે.
3. ઓનલાઈન અરજી પત્રકમાં જન્મ તારીખ શાળા છોડ્યાના પ્રમાણપત્ર (L.C.) મુજબ દર્શાવવાની રહેશે,અન્યથા અરજીપત્રક રદ થશે.ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ આખરી ગણાશે, આ બાબતે પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## H. શૈક્ષણિક લાયકાત:-

1. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત,અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત,કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર, વય,જાતિ વગેરેના પ્રમાણપત્ર / માર્કશીટ અરજીપત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે, ત્યારબાદના પ્રમાણપત્રો હશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
2. **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત** માટે એચ.એસ.સી. (ધોરણ – ૧૦ + ૨ પધ્ધતિ પ્રમાણે ધોરણ -૧૨ પાસ) જ માન્ય રહેશે.
3. ધોરણ ૧૨ પાસનું પ્રમાણપત્ર ગુ.મા. અને ઉચ્ચ.મા.શિ.બોર્ડ તથા અન્ય સમકક્ષ બોર્ડનું માન્ય રહેશે
4. અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે કોઇપણ માન્ય યુનિવર્સિટીની સ્નાતક (૧૦+૨+3 કે તેથી વધુ વર્ષનો કોર્ષ) અથવા અનુસ્નાતક(ધોરણ ૧૦+૨+3 વર્ષ કે તેથી વધુ +૨ વર્ષનો કોર્ષ)ની ડિગ્રી જ માન્ય રહેશે.

5. સ્નાતક (ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ,૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કોઈપણ વિદ્યાશાખાની સ્નાતકની પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત તે પૈકી ધોરણ ૧૦+૨+૩ વર્ષ કે તેથી વધુ વર્ષનાં કોર્ષની જ સ્નાતકની પદવી તથા અનુસ્નાતકનાં કિસ્સામાં ધોરણ ૧૦+૨+૩ વર્ષ કે તેથી વધુ +૨ વર્ષનાં કોર્ષની જ અનુસ્નાતકની પદવી ધ્યાને લેવામાં આવશે)

6. ઉમેદવારે ધોરણ-૧૨ની માર્કશીટમાં દર્શાવેલ ટકાવારી જ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે, જો માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ના હોય તો જ ધોરણ-૧૨માં મેળવેલ (પ્રેકટીકલ સિવાય) ગુણમાંથી ટકાવારી કાઢીને ઓનલાઈન અરજીપત્રકમાં ટકાવારી દર્શાવવાની રહેશે.

7. ડીપ્લોમા/ડીગ્રી/સ્નાતક/અનુસ્નાતકના પ્રમાણપત્રમાં ટકાવારી દર્શાવેલ ના હોય એવા કિસ્સામાં મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. માર્કશીટમાં ટકાવારી પણ દર્શાવેલ ન હોય તેમજ ગુણ પણ દર્શાવેલ ન હોય તેવા કિસ્સામાં જી.ટી.યુ./યુનિવર્સીટી દ્વારા નિયત કરાયેલ પોઈન્ટ સીસ્ટમની ફોર્મ્યુલા પ્રમાણે બે દશાંશ સુધી(દા.ત. ૫૦.૨૫%) ટકાવારીની ચોક્કસ ગણતરી કરી ઓનલાઈન અરજીપત્રકમાં ટકાવારી દર્શાવાની રહેશે.આ માટે જે તે યુનિવર્સીટીની પોઈન્ટ સીસ્ટમની ગણતરીની ફોર્મ્યુલાનાં આધારભુત પુરાવા રજુ કરવાનાં રહેશે.

8. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોમાં મેળવેલ ટકાવારી બે દશાંશ સુધી- (દા.ત. ૫૦.૨૫%) દર્શાવવાની રહેશે. માર્કશીટમાં પર્સન્ટાઇલ કે ગ્રેડ દર્શાવેલ હોય તો તેને ટકાવારીમાં રૂપાંતરીત કરીને દર્શાવવાના રહેશે.

9. ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોના પર્સન્ટાઇલ કે ગ્રેડ દર્શાવેલ હશે તો તેવા અરજીપત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

10. ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના કિસ્સામાં છેલ્લા વર્ષનું / છેલ્લા સેમેસ્ટરનું પરિણામ આઇ. ટી.આઇ અથવા પોલીટેકનીક / યુનીવર્સીટી / બોર્ડ ધ્વારા તેમની માન્ય વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરેલ હોય અને તેને આધારે અરજી પત્રકમાં વિગતો ભરેલ હશે તો આવા ઉમેદવારે વેબસાઇટ ઉપરના પોતાના પરિણામની પ્રિન્ટ આઉટ મેળવીને પ્રમાણિત કરાવી નકલ અથવા જે તે સંસ્થા દ્વારા વેબસાઈટ ઉપર જે તારીખે પરિણામ પ્રસિધ્ધ કરેલ હોય તે બાબતનું લખાણ/પ્રમાણપત્ર રુબરુ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવી શૈક્ષણિક લાયકાતનું પરિણામ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ થયા પહેલા અરજી પત્રક ભરેલ હોય અને માહિતી સાચી હોય તો પણ તે ગ્રાહય રાખવામાં નહી આવે અને આવા અરજીપત્રક રદ ગણવામાં આવશે.

11. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધો.૮ પછી ઔધોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય તથા જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ ની

અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.

12. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૫/૨૦૧૨ ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધો.૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.

13. જે ઉમેદવારોએ ધો.૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડીપ્લોમા કોર્ષ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધો.૧૨ની લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.

14. આ જાહેરાતમાં દર્શાવેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત કે અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે કોઇપણ સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.

15. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.), શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર જાતિ અન્ય તમામ દસ્તાવેજોમાં નામ, અટક એક સરખુ હોવું જોઈશે. જો સ્પેલીંગમાં ભુલ હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે, અને જો પોતાના નામ અને અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારા અંગે અરજી કર્યા તારીખ પહેલાની સરકારી ગેઝેટની નકલ રુબરુ ચકાસણીના સમયે રજુ કરવાની રહેશે.

16. મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેનું મેરેજ સર્ટીફીકેટ(લગ્ન નોંધણી પ્રમાણપત્ર) / સોગંધનામું(નોટરી કરાવી) / ગેઝેટ રૂબરૂ ચકાસણીના સમયે રજુ કરવાનું રહેશે.

17. જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો રજુ કરવાની રહેશે.

18. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્કદાવો સ્વીકારવામાં આવશે નહીં.

19. ઉમેદવાર નિગમના નિતિનિયમ મુજબ રાજ્ય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર.૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે આવા પ્રમાણપત્રો/ માર્કશીટ

પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે, અન્યથા તેઓનું અરજીપત્રક રદ થવા પામશે.

## I. <u>અનામતનો લાભ:-</u>

1. અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે, પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.
2. મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ / અનુ સૂચિત જનજાતિ / સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વર્ગ કક્ષાના અરજદારોને જ અનામત વર્ગના અરજદાર તરીકે લાભ મળશે.
3. ઉમેદવારે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
4. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા / ફેરફાર કરવા કોઇ રજુઆત કરશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
5. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કિસ્સામાં નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હશે તોજ અનામત વર્ગ નો લાભ આપવામાં આવશે.
6. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૯૪/૯૫૯/અ,તા.૬/૨/૧૯૯૬, સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૯-૧૬૬૩-અ/ તા.૨૭/૪/૨૦૧૦ તથા સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ તા.૨૬/૪/૧૬ની જોગવાઈઓ મુજબ નિયત થયેલ ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ '૪' (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષ સુધીનું રહેશે અને તેમાં જાહેરાતમાં દર્શાવેલ તા.૦૧/૦૭/૨૦૧૮ થી તા.૩૧/૦૭/૨૦૧૮ ના સમયગાળાનો સમાવેશ થતો હોવો જોઈએ.તથા તેજ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા આવા અરજદારની અરજી રદ કરવામાં આવશે. પરિણીત મહિલા અરજદારે આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા અરજદારોએ તેમના પતિની આવકનાં સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો આવા અરજદારોની અરજી રદ કરવામાં આવશે.આ પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષના સમયગાળાની આવકને ધ્યાને લઈ,અરજી કર્યા તારીખ સુધીમાં મેળવેલ હોવુ જોઈએ.અરજી સાથે પરિશિષ્ટ '૪' ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે.જો અરજદારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ '૪')અરજી પત્રક સાથે રજુ કરેલ નહીં હોય તો આવા અરજદારોની અરજી રદ કરવામાં આવશે.
7. સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
8. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરીક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપત્ર હશે તે મળશે.

9. અનુ.જાતિ/અનુ.જન.જાતિ,/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ની કક્ષામાં અરજી કરેલ હશે તો રુબરુ ચકાસણી સમયે જે તે જાતિનું અસલ પ્રમાણપત્ર રજુ નહી કરે અથવા તો અરજી કર્યા તારીખ પછીનું રજુ કરે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
10. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ના કિસ્સામાં નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ નિયત પરિશિષ્ટ (૪)' (ગુજરાતી)માં નહી હોય અથવા તો અરજી કર્યા તારીખ પછીનું રજુ કરે અથવા ઓન લાઈન અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનું નહિ હોય તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, અને અરજીપત્રક રદ કરવામાં આવશે.

## J. માજી સૈનિક:-

1. માજી સૈનિક ઉમેદવારોએ અરજી પત્રકમાં વિગતો આપવાની રહેશે.
2. માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુક,ઓળખ કાર્ડ/પ્રમાણપત્ર વિગેરેની નકલ રજુ કરવાની રહેશે.
3. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાં સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમજ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર અને ડીસ્ચાર્જ બુક ધરાવતા હોય તો તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો,તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર,આ ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ (૩) વર્ષ કરતાં વધવી જોઈશે નહીં. તેમજ કોઇ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા ઉંમર વધવી જોઈએ નહી.
4. માજી સૈનિક ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના અન્ય ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## K. શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર:-

1. શારિરીક ખોડખાંપણ જેવી કે,અંધત્વ/ઓછી દ્રષ્ટીવાળા,શ્રવણની ખામીવાળા, હલનચલનની વિકલાંગતા /મગજનો લકવો (૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતાં ઉમેદવારોએ વિકલાંગતા ધરાવતાં હોવા અંગેનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ઓનલાઈન અરજી કર્યા તારીખે ધરાવતા હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે માન્ય ગણાશે અને ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.જો નિયત સર્ટીફીકેટ નહી ધરાવતા હોય તો અરજી પત્રક રદ કરવામાં આવશે.
2. શારિરીક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ તથા વખતો વખતનાં પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
3. ઓનલાઈન અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્ર જોડવાનાં નથી પરંતુ અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરવાની રહેશે.આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતાં હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.
4. ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની દ્રષ્ટીહીનતાની અશક્તતા ધરાવતા અથવા લખવા માટે અસમર્થ હોય તેવા (જાહેરાતમાં આવા ઉમેદવારો અરજી કરવાને પાત્ર ગણેલ હોય તો જ) ઉમેદવારોએ ઓનલાઈન અરજીપત્રકમાં લહીયાની સુવિધા મેળવવા માટે જણાવવાનું રહેશે.પાછળથી

આવી સુવિધા મેળવવાની વિનંતી વિચારણામાં લેવામાં આવશે નહી.આવા ઉમેદવાર સ્નાતકના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વ્યક્તિને લહીયા તરીકે રાખી શકશે.

## L. <u>મહિલા ઉમેદવાર</u>:-

મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## M.<u>રમતવીર ઉમેદવાર:-</u>

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવમાં જણાવેલ માન્ય રમતોમાં તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારેલ જોગવાઈ મુજબની રમતોમાં મેળવેલ માન્ય પ્રમાણપત્ર ધરાવતા રમતવીરોને નિગમમાં સ્પર્ધાત્મક પરીક્ષા એટલે કે O.M.R. પરીક્ષા પદ્ધતિની લેખિત કસોટીમાં રમતવીર ઉમેદવારોએ મેળવેલ ગુણના ૫% ગુણ ઉમેરવાની જોગવાઈ નિયત કરાયેલ હોઈ તે મુજબ લાભ મળવાપાત્ર થશે. પરંતુ તેઓએ નિમણુંક સમયે નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે આવા પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકદાર થશે.

## N. <u>વિધવા ઉમેદવાર</u>:-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે ભરતીના તમામ તબક્કે એટલે કે શૈક્ષણિક લાયકાતના મેળવેલ મેરીટ માર્ક્સમાં,લેખિત પરિક્ષામાં તેમજ કોમ્પ્યુટર ટેસ્ટમાં પાસ થવા માટે મીનીમમ માર્ક્સ મેળવી ઉતીર્ણ જાહેર થયેલ ઉમેદવારોએ મેળવેલ માર્ક્સના પાંચ ટકા ગુણ ઉમેરી પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઇએ ઉપરાંત નિગમ માંગે ત્યારે તેના તમામ પુરાવા નિગમને અસલમાં રજુ કરવાના રહેશે.

## O. <u>નાં વાંધા પ્રમાણપત્ર (N.O.C)</u>:-

ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકરી/ સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે તથા "**ના વાંધા પ્રમાણપત્ર**" મેળવવાનું રહેશે. રૂબરૂ દસ્તાવેજ ચકાસણી સમયે નમૂના મુજબનું "**ના વાંધા પ્રમાણપત્ર**" રજુ કરવાનું રહેશે, નમૂનો નીચે મુજબ છે.

## <u>ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો</u>

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ........................................................ આ ખાતામાં તા. .............................. થી સતત જગ્યા પર કામ કરે છે.

૧. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

૨. જગ્યાનું નામ : ...................................................................... (વર્ગ - ............... જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ ......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

(                    )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ :

તારીખ :

પ્રતિ,

શ્રી ..................................

......................................

......................................

## P. <u>ફરજીયાત નિવૃત્તિ,રુખસદ,બરતરફ</u>:-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ-કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે. અન્યથા અરજીપત્રક / નિમણૂક રદ કરવામાં આવશે.

## Q. <u>ફી:-</u>

1. ઓ.એમ.આર. પરીક્ષા માટે પરીક્ષા ફી પેટે બિન અનામત વર્ગના ઉમેદવારો માટે રૂ. ૨૫૦/- નિયત કરાયેલ છે તથા અનામત વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવે છે.

2. કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા માટે પરીક્ષા ફી પેટે બિન અનામત વર્ગના ઉમેદવારો માટે રૂ. ૨૫૦/- નિયત કરાયેલ છે તથા અનામત વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવે છે.
3. અ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં ઉમેદવારોએ જો જનરલ કેટેગરીમાં અરજી કરેલ હશે તો તે પૈકી O.M.R પદ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે બોલાવેલ આવા તમામ ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.
4. અ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં ઉમેદવારોએ જો જનરલ કેટેગરીમાં અરજી કરેલ હશે તો તે પૈકી O.M.R પદ્ધતિથી લેવાનાર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની ઓનલાઈન પરીક્ષા માટે બોલાવેલ આવા તમામ ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.
5. અનુ.જાતિ / અનુ.જનજાતિ / સા.શૈ.પ.વર્ગ / શારિરીક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવાર / માજી સૈનિક ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી નિયમાનુસાર મુક્તિ આપવામાં આવશે.
6. **ઓનલાઈન અરજી કરતી વખતે કોઈપણ જાતની ફી ભરવાની નથી.પરંતુ જે ઉમેદવારોએ ફી ભરવાની થતી હોય તેવા ઉમેદવારોએ પરીક્ષા અંગેનો કોલલેટર મળેથી નીચેની સુચના નં.૭ મુજબ ફી ભરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.**
7. જનરલ કેટેગરીના ઉમેદવારે અસલ કોલલેટરના આધારે બીજી કોપી કરાવી નિયત કરેલ પરીક્ષા ફી કોઈ પણ ઈ-પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવી સિક્કા/સ્ટીકર સાથેની રસીદ અસલ કોલલેટર સાથે બીડવાની રહેશે અને પરીક્ષા સમયે અસલ કોલલેટર સાથે અચુક લાવવાની રહેશે તેમજ કોલલેટરની બીજી નકલ પોસ્ટ ઓફીસના રેકર્ડ માટે પોસ્ટ ઓફીસમાં આપવાની રહેશે,અન્ય બીજી કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં, ભરાયેલ ફી અંગેની રસીદ પરીક્ષા સ્થળે કોલલેટર સાથે અચુક લાવવાની રહેશે.

## R. દસ્તાવેજ ચકાસણી સમયે સાથે લાવવાના દસ્તાવેજોની યાદી:(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) :

1. કોલ લેટર.
2. ઓન લાઈન અરજીપત્રક.
3. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
4. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત માટે દર્શાવેલ લાયકાતની માર્કશીટ.
5. અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે દર્શાવેલ લાયકાતની માર્કશીટ. (જો ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ હોય તો)
6. જાતિનો દાખલો. (ઓનલાઈન અરજીપત્રકમાં જાતિ દર્શાવેલ હોય તો)
7. S.E.B.C ના સંદર્ભમાં નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ 'પરિશિષ્ટ (૪)' (ગુજરાતી) માં જ હોવું જોઈશે.
8. આ જાહેરાતમાં કલમ : H-૧૯ માં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર.
9. માજી સૈનિકના કિસ્સામાં ડીસચાર્જ બુક, ઓળખ કાર્ડ, પ્રમાણપત્ર વિગેરે.
10. રમતવીર ઉમેદવારના કિસ્સામાં નિયત પ્રમાણપત્ર.

11. વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ,પતિના મરણનો દાખલો તથા અન્ય પુરાવા.
12. અન્ય સરકારી નોકરીના કિસ્સામાં **"ના વાંધા"** પ્રમાણપત્ર.
13. શારિરીક ખોડખાંપણનાં કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ તથા વખતો વખતનાં પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવિલ સર્જન / મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.
14. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.), શૈક્ષણિક લાયકાત તથા અન્ય તમામ દસ્તાવેજોમાં નામ, અટક એક સરખુ હોવું જોઈશે. જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે, અને જો નામ તથા અટકમાં ફેરફાર હશે તો ગેજેટ્સ રજુ કરવાનુ રહેશે.
15. અન્ય કોઈ સમકક્ષ લાયકાત દર્શાવેલ હોય તો તેના પ્રમાણપત્રો તથા સમકક્ષ હોવા બાબતના આધારભૂત પુરાવા.
16. બે ફોટા. (તાજેતરમાં પડાવેલ)
17. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતના સમર્થનમાં દસ્તાવેજ ચકાસણી સમયે જે દસ્તાવેજો રજુ કરવાનું કહેવામાં આવે તે તમામ દસ્તાવેજો તેજ સમયે રજુ કરવાના રહેશે.

**<u>ઉપર મુજબ જે લાગુ પડતા હોય તે અસલ દસ્તાવેજો તથા એક સેટ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ સાથે લાવવાનો રહેશે, તથા ઝેરોક્ષ કોપીઓ ચેકલીસ્ટ મુજબ બે નકલમાં ચેકલીસ્ટ તૈયાર કરી ફાઈલમાં મૂકી પ્રમાણપત્ર નંબર /પેજ નંબર સહિત રજૂ કરવાનુ રહેશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગત જે પ્રમાણપત્રનાં આધારે ભરેલ હોય તેજ રજુ કરવાની જવાબદારી ઉમેદવારની છે.ઉમેદવાર પાસે આવા પ્રમાણપત્ર ઉપલબ્ધ હશે પરંતુ રજુ કરેલ નહી હોય તો પાછળથી આવા પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહી તેમજ આ બાબતે કોઈપણ તકરાર / રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.</u>**

## S. <u>નીચેના સંજોગોમાં અરજીપત્રક રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) :</u>

1. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ શાળા છોડ્યાના પ્રમાણપત્ર (L.C.) થી અલગ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
2. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત માટે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત નહી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
3. ઓન લાઈન અરજીપત્રકમાં અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે જે શૈક્ષણિક લાયકાત દર્શાવેલ હશે અને તે શૈક્ષણિક લાયકાત ધરાવતા નહી હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
4. <u>શૈક્ષણિક લાયકાત કે અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતની માર્કશીટમાં દર્શાવેલ ટકાવારી અથવા જો માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢીને અથવા મેળવેલ ગુણ ન દર્શાવેલ હોય અને પોઈન્ટ સીસ્ટમ થી ગણતરી કરાવેલ ટકાવારી ઓનલાઈન અરજીપત્રકમાં બે દશાંશ સુધી ગણતરી કરી ટકા દર્શાવવાના રહેશે.માર્કશીટમાં દર્શાવેલ ટકા કરતા અથવા ગણતરી કરેલ ટકા કરતા અરજીપત્રકમાં વધુ ટકા દર્શાવ્યા હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે</u>

5. સમકક્ષ શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં યોગ્ય સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા નહી તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
6. ઓન લાઈન અરજીપત્રકમાં જે જાતિ દર્શાવેલ હશે તે જ જાતિનું પ્રમાણપત્ર ધરાવતા નહી હોય અથવા અરજી કર્યા પછીનું જાતિનું પ્રમાણપત્ર હોય તો તેવા કિસ્સામાં અરજીપત્રક રદ કરવામાં આવશે.
7. S.E.B.C. ના કિસ્સામાં નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ નિયત પરિશિષ્ટ (૪)' (ગુજરાતી)માં નહી હોય તો અથવા તો અરજી કર્યા તારીખ પછીનું રજુ કરે અથવા ઓન લાઈન અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનું નહિ હોય તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
8. માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જ બૂક ઓળખ કાર્ડ/પ્રમાણપત્ર રજુ નહી કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
9. ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારનો પોતાના ફોટા કે સહી નહી હોય અથવા પોતાના બદલે અન્ય નો ફોટો કે સહી હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
10. શારિરીક ખોડખાંપણનાં કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ તથા વખતો વખતનાં પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન / મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર ઓનલાઈન અરજી કર્યા પહેલાનું રજુ નહી કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

## T. <u>અન્ય અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી નિગમની વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. અરજી પત્રક ભરતાં પહેલાં નિગમની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે, અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું.
3. સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમા ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાનો નિગમને સંપૂર્ણ અબાધિત હકક/અધિકાર રહેશે, અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી, તેમજ તેવા સંજોગોમાં ભરેલ કોઇપણ પ્રકારની ફી પરત મળવાપાત્ર થશે નહીં.
4. ઓનલાઈન અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવેલ વિગતો જેવી કે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત,અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
5. આ કક્ષા માટે નિગમ દ્વારા અરજીપત્રક ઓનલાઈન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી/ જુદી માહિતી આપવાનું નિગમને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય નિગમ લેશે.
6. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
7. વ્યક્તિગત માહિતી, લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી નિગમ દ્વારા કરવામાં આવશે અને આ અંગે નિગમનો નિર્ણય જ અંતિમ રહેશે.

8. ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમની સેવા સારૂં તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.
9. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગની જાહેરાતમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.
11. લધુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી- SC,ST,SEBC), માજી સૈનિક,શારિરીક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવાર,સ્પોર્ટસ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.
12. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નિગમ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે – તે તબક્કેથી "રદ" ગણવામાં આવશે.
13. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટોની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત – સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટોની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે).
14. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં નિગમ તરફથી અમુક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવી શકે છે. તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહીં.
15. ઉમેદવાર પોતે લેખિત પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
16. કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ,આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઇ પણ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.
17. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ/જુદી/અલગ બતાવેલ/ છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણૂંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે, અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

18. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ/ જુદી/ અલગ ભરેલ હશે અને તે વિગતો શરતચુકથી ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઇ લેખીત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહી અને આવી રજુઆતો બાબતે કોઇ જ કાર્યવાહી કરવામાં આવશે નહી. તેમજ તેની ઉમેદવારી આપો આપ રદ ગણાશે.

19. ઉમેદવાર અરજી કર્યેથી નિમણુંક મેળવે તે સમયગાળા દરમ્યાન તેઓને કોઇપણ સક્ષમ કોર્ટ ધ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઇ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરીયાદ પડતર હશે તો તેમજ તેવા કોઇપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર ધ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ / ફરીયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણુંક માટે દાવો કરી શકશે નહીં.

20. ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ,કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.

21. અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. આવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.

22. ઓનલાઇન અરજીપત્રકમાં જો કોઇ ઉમેદવાર ધ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરીયાદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

23. નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.

24. ઉમેદવારના નામમાં ભાઈ કે બહેન દર્શાવેલ હશે અને ફોટોગ્રાફ સ્પષ્ટ રીતે તેઓના જેન્ડર મુજબ જણાતો નહી હોય અથવા ફોટોગ્રાફ અસ્પષ્ટ હશે તો અરજદારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

25. સીધી ભરતીની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓની ૨૦%ની મર્યાદામાં કેટેગરીવાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે તેમજ પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી એક વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રીયા માટે હવે પછીની પહેલી જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતાં પ્રતિક્ષાયાદી આપો આપ રદ થયેલ ગણાશે. પ્રતિક્ષાયાદી રાખવાની ટકાવારીમાં જરુર જણાય તો ફેરફાર કરવાનો નિગમને અબાધીત હક્ક રહેશે.

26. નિગમને જરુર જણાયેથી પ્રોવિઝનલ પસંદગીયાદી/પ્રતિક્ષાયાદીનાં આધારે નિમણૂકની કાર્યવાહી હાથ ધરી શકશે, પ્રોવિઝનલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારની પસંદગી બાબતે નિગમની જોગવાઈ મુજબ સુસંગત ન જણાયે થી તેઓને નિમણૂંક આપી દીધી હશે તો પણ રદ થઇ શકશે.

27. આ જાહેરાત માટે ન્યાયીક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

## અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો તા.૦૧/૦૭/૨૦૧૮ થી તા.૩૧/૦૭/૨૦૧૮ (રાત્રિના ૨૩:૫૯ કલાક) સુધી https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવુ હવે (૨) "Apply Online Click" કરવુ. (૩) તમો જે કક્ષા માટેની અરજી કરવા માંગતા હશો તે કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application Form ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational Qualification ઉપર Click કરીને તેની વિગતો ભરવી. જો તમો લઘુતમ / અગ્રતા માટેની વધુ લાયકાતો ધરાવતા હોય તો તમને ફાયદાકારક હોય તેવી દરેકમાં કોઇ પણ એક જ લાયકાત અરજીપત્રકમાં દર્શાવવી. જેમાં પાછળથી કોઇ ફેરફારને અવકાશ રહેશે નહી. (૭) જો તમો કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોય તો yes select કરવુ. (૮) ફોજદારી કોર્ટે ગુનેગાર ઠરાવેલ હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. (૯) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૧) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) અને Signature (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) jpg format માં computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર ક્લિક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં

online સ્વીકાર થઇ જશે. **(અરજી CONFIRM કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે.

(૧૬) હવે **print application** પર **click** કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number" type** કરીને જન્મ તારીખ નાંખવાથી **print** બટન મળશે **print** બટન પર **click** કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.

⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘